

પરીક્ષાર્થીઓ લાઈનમાં... - લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓની બસના ફ્રી ટીકીટ માટે લાંબી લાઈનો લાગી હતી... ગયા મહિને યોજાયેલ લોકરક્ષક દળની પરીક્ષાનું પેપર ફુટી જતા રદ કરાયેલી પરીક્ષા સામે ઉહાપોહ થતાં રાજ્યના ૯ લાખ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી જવા - આવવાનું ભાડુ રાજ્ય સરકાર ચુકવશે એવી જાહેરાત કરાઈ હતી... છેલ્લા બે દિવસથી રાજ્યભરના બસ ડેપો પર પરીક્ષાર્થીઓએ ફ્રી - ટીકીટ મેળવવા લાઈનો લગાવી હતી... એક તરફ પરીક્ષાની આખરી તૈયારીનો સમય અને બીજી તરફ બસ ભાડાની લાઈન.... આ પણ એક પરીક્ષા જ છે ને....

# સમિટ માટે શહેરમાં 'વાઈબ્રન્ટ' બંદોબસ્ત

## ૫ હજાર પોલીસ ખડેપગે રહેશે : ઈ-બંદોબસ્તની સિસ્ટમ સાથે પોલીસ સ્માર્ટ બની : મેસેજથી જ પોલીસને પોતાના મોબાઈલ પર બંદોબસ્તના પોઈન્ટની વિગત મળી જશે

ગાંધીનગર, તા.૪

વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેરમાં લોખંડી બંદોબસ્તની તૈયારીઓ કરવામાં આવી રહી છે ત્યારે સમગ્ર રાજ્યમાંથી આ બંદોબસ્તના અનુભવી પોલીસ અધિકારી-કર્મચારીઓને પણ ગાંધીનગરમાં બોલાવવામા આવનાર છે. વાઈબ્રન્ટ સમિટમાં એસઆરપીની કંપનીઓ સહિત પાંચ હજાર જેટલા સુરક્ષા કર્મીઓને ગાંધીનગરમાં તૈનાત કરી દેવામાં આવશે. સુરક્ષા અને સલામતિના તમામ દષ્ટિકોણથી ચકાસણી કરીને બારીકાઈથી આ બંદોબસ્ત સ્કિમ બનાવવામાં આવી છે. જો કે નોંધનીય બાબત એ છે કે અગાઉના વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તની સરખામણીમાં આ સમિટમાં બંદોબસ્ત ઓછો રાખવામાં આવ્યો છે. હાલ તબક્કાવાર બંદોબસ્તની વહેંચણી કરવામાં આવી રહી છે. ઉત્તરાયણ બાદ ૧૬ જાન્યુઆરીથી ગાંધીનગર પોલીસ છાવણીમા ફેરવી દેવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે આ વખતે ઈ-બંદોબસ્ત સિસ્ટમ લાવીને પોલીસ સ્માર્ટ બની છે. પોલીસ અધિકારી-કર્મચારીઓને તેમના મોબાઈલ પર જ બંદોબસ્ત લોકેશનનાં પોઈન્ટ અંગેના મેસેજ સેન્ડ કરી દેવાશે.

પાટનગર ગાંધીનગરમાં દર બે વર્ષે ગુજરાત સરકાર દ્વારા ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવે છે. શહેરના સે-૧૩ ખાતે આવેલા મહાત્મા મંદિર ખાતે આ વર્ષે તારીખ ૧૮,૧૯,૨૦ જાન્યુઆરીના રોજ યોજાનારી આ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો, અન્ય દેશના વડાપ્રધાન-પ્રમુખ, નેતાઓ-અભિનેતાઓ તથા વીવીઆઈપી ડેલીગેટ્સ ગાંધીનગરના મહેમાન બનશે ત્યારે આ મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને લઈને પોલીસ વિભાગ દ્વારા હાલ પુરજોશમાં બંદોબસ્તની તૈયારીઓ ચાલી રહી છે. હાલ તબક્કાવાર બંદોબસ્તની વહેંચણી કરવામાં આવી રહી છે ત્યારે બે દિવસ પહેલા રોડ બંદોબસ્તમાં રહેનારા પોલીસ અધિકારી-કર્મચારીઓને તેમની કામગીરી સોંપાઈ હતી જ્યારે ગઈ કાલે સેકટર-૧૭ ખાતેના

● અનુસંધાન પાન-૭ પર

### 'વાઈબ્રન્ટ' બંદોબસ્તમાં કેટલી પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે?

● ૧-ડીઆઈજીપી ● ૪- આઈજીપી, ● ૧૫-ડીએસપી, ● ૮-એએસપી, ● ૫૫-ડીવાયએસપી, ● ૧૧૦-પોલીસ ઈન્સ્પેક્ટર, ● ૨૦૦ પીએસઆઈ, ● ૩૬-મહિલા પીએસઆઈ, ● ૨૬૦૦-પોલીસ જવાનો, ● ૨૯૦-મહિલા પોલીસ, ● ૨૦૦-ટ્રાફિક પોલીસ, ● ૧૦૦૦-એસઆરપી જવાનો, ● ૧૦-બોંબ ડિસ્પોઝલ સ્કવોર્ડ, ● ૧૦-ક્યુઆરટી(ક્વીક રિસ્પોન્સ ટીમ), ● ૧૦-એન્ટી મોરચા સ્કવોર્ડ ચેતક કમાન્ડો, ● એક કંપની મહિલા એસઆરપી

# લોકરક્ષકની પરીક્ષાને અનુલક્ષી આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આવતીકાલે યોજાનારી લોકરક્ષક દળની પરીક્ષાને અનુલક્ષી સેન્ટર આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા માટે જાહેરનામુ જારી કરી દેવાયુ છે. લોકરક્ષકની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી છે.

**પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રખાશે**

આવતીકાલે યોજાનારી લોકરક્ષકની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી છે. અગાઉ પેપર લીક થવાના મામલે વિવાદમાં સપડાયેલી પરીક્ષા આખરે રદ કરવામાં આવી હતી. પરીક્ષાની પારદર્શકતા સામે પણ અનેક સવાલો મંડરાતા સમગ્ર રાજયમાં પ્રબળ આક્રોશ પણ પ્રવર્તાયો હતો. જયારે હવે લોકરક્ષકની પરીક્ષા આગામી તા ૬ જાન્યુઆરીના રોજ લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# સે-૬માં આવેલા ૩૦૦ જોખમી આવાસો તોડી નાંખવામાં આવશે

## સે-૬ ડી માં નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરાશે

ગાંધીનગર તા ૪

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તાડીને નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે.નગરના સે-૬ ડી માં બી અને સી કક્ષાની નવી ટાવર કોલોની તૈયાર કરાશે જયારે આ માટે સેકટરમાં ૩૦૦ જેટલા જોખમી સરકારી મકાનો તોડી નાંખવામાં આવશે.

શહેરમાં સરકારી આવાસો દિનપ્રતિદિન કંગાળ અને જોખમી બનતા જાય છે. ત્યારે સરકારી આવાસોના મામલે તંત્ર દ્વારા સેકટરોમાં સર્વે કરી તદન બિનઉપયોગી અને જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોની ઉભી કરવામાં આવી છે. જયારે આ ટાવર કોલોનીમાં કર્મચારીઓનો

● અનુસંધાન પાન-૭ પર



રંગબેરંગી ફુલોનો નજારો - ગાંધીનગરમાં શિયાળાની ગુલાબી ઠંડીમાં રંગબેરંગી ફુલો ખીલી ઉઠતા અનોખો નજારો સર્જાય છે... સેક્ટર-૨૭ના ગાર્ડનમાં અગાઉથી વાવેતર કરાયેલા ફુલ-છોડ પર આકર્ષક રંગોમાં ફુલો ખીલી ઉઠતા નયનરમ્ય દશ્ય સર્જાયું હતું... ગાંધીનગરમાં પ્રકૃતિનો વૈભવ માણવા માટે સમય અને દષ્ટિની સાનુકૂળતા અનિવાર્ય છે...

# જિલ્લામાં આજે પણ ૧૧,૬૮૬ આવાસોમાં શૌચાલયની સુવિધા નથી

## સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ વિકાસ એજન્સીએ શૌચાલય નિર્માણનો રોડમેપ તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૪

ઓ.ડી.એફ. જાહેર થયેલા ગાંધીનગર જિલ્લામાં આજે પણ ૧૧,૬૮૬ ઘરોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી. આ ઘરોમાં શૌચાલયની સુવિધાને લઈ તંત્ર દ્વારા તેના નિર્માણ માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં બેઝલાઈન સર્વે જે ૨૦૧૨માં કરવામાં આવ્યો હતો તે વેળાએ ૮૩ હજાર આવાસોમાં શૌચાલયોની સુવિધા ઉભી કરી દેવાયા બાદ જિલ્લાને ઓ.ડી.એફ. જાહેર કરાયો હતો.

ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલયો બનાવવામાં ચાલતા ભ્રષ્ટ્રાચારની વાતો વચ્ચે તંત્ર દ્વારા વધુ એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં આ યોજનામાં છુટી ગયેલા ૯૩૮૧ મકાનોમાં શૌચાલયોની સુવિધા નથી તો અન્ય ૨૩૦૫ જેટલા મકાનોમાં પણ આ સુવિધા ન હોવાનું જણાયુ હતુ.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હવે ૧૧,૬૮૬ આવાસોમાં શૌચાલયોની સુવિધા ઉભી કરવા માટેનો રોડમેપ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તૈયાર કરી અને અમલવારી પણ ચાલુ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ વિશ્વબેંકની સહાય થકી ૨૩૦૫ આવાસોમાં શૌચાલયો બનાવવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં ૨૬ સામુહિક શૌચાલયો બનાવાશે

ગાંધીનગર જિલ્લામાં ૨૬ જેટલા સામુહિક શૌચાલય બનાવવાના પ્રોજેકટને પણ મંજૂરી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આપવામાં આવી છે. સામુહિક શૌચાલય એક નિર્માણ કરવાનો ખર્ચ રૂ. બે લાખ મંજૂર કરવામાં આવેલ છે. આમ ૨૬ શૌચાલયો માટે રૂ. ૫૨ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ માટેની ગ્રાન્ટ પણ ગ્રામ વિકાસ એજન્સી હસ્તક મુકી દેવામાં આવી છે. સામુહિક શૌચાલયોના નિર્માણની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું એજન્સીના સૂત્રોએ જણાવ્યુ છે.

# સ્વચ્છ-સુંદર શૌચાલય માટેની સ્પર્ધા યોજાઈ

## ભારત સરકાર પુરસ્કાર આપશે : જિલ્લા તાલુકા કક્ષાએ પણ પુરસ્કારોનું આયોજન

ગાંધીનગર, તા. ૪

જિલ્લાભરમાં ૩૧મી જાન્યુઆરી સુધી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત સ્વચ્છ-સુંદર શૌચાલય હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટના જણાવ્યાનુસાર સ્વચ્છ સુંદર શૌચાલય હેઠળ ગ્રામ પંચાયતોમાં રંગીન શૌચાલયો તૈયાર કરવામાં આવે તેની સ્પર્ધા કરવા ઉપરાંત વ્યક્તિગત ઘરોમાં પણ સર્જનાત્મક રીતે શણગારવામાં અને દોરવામાં આવેલ શૌચાલયને રાષ્ટ્રીય સ્તરના સમારંભમાં પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

તેમના જણાવ્યા મુજબ દરેક ઘરના માલિકે તાત્કાલિક પેઈન્ટીંગ દ્વારા તેના શૌચાલયને સુંદર બનાવવુ તેમજ સ્થાનિક કલા સાથે ડિઝાઈન અને સ્વચ્છ ભારતના સંદેશાઓ સહિત સૂત્રોને પેઈન્ટ કરવા માટેનો કોઈ પ્રતિબંધ નથી.

આ સ્પર્ધા ગ્રામકક્ષાએ, તાલુકાકક્ષા અને જિલ્લા કક્ષાએ કરવાની રહેશે. આ સ્પર્ધામાંથી પસંદ થયેલી પાંચ કૃતિ રાજ્યકક્ષાએ મોકલવામાં આવશે. રાજ્યની સ્પર્ધાને અંતે ૩ જિલ્લાઓની પસંદગી કરી ભારત સરકારને મોકલવામાં આવશે અને તેમાં વિજેતા થનારને ભારત સરકાર આયોજિત સમારોહમાં પુરસ્કારો એનાયત કરાશે.

આ સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ સાત સભ્યોની એક નિર્ણાયક સમિતિ રચાશે. જેમાં જિલ્લાના બે ચિત્ર શિક્ષકો પણ સભ્ય હશે. જે તજજ્ઞ તરીકે સેવા આપશે. આ ઉપરાંચ અન્ય પાંચ સભ્યો પણ નિર્ણાયક તરીકે સેવાઓ આપશે.

# જાસપુર પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ ૬.૫ કરોડના ખર્ચે અપગ્રેડ કરાશે

## વર્ષ ૨૦૦૭ માં નિર્માણ કરાયેલા પ્લાન્ટના અપગ્રેડેશન પાછળ ૬.૫ કરોડનો ખર્ચ કરાશે : હાલ આસપાસના ગામોમાં ખેતીલાયક પાણી સપ્લાય કરવામાં આવે છે

ગાંધીનગર તા ૪

જાસપુર શુધ્ધિકરણ પ્લાન્ટને અપગ્રેડ કરવાનુ કામ ટુંકમાં હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬.૫ કરોડનો ખર્ચ કરાશે. હાલ આ પ્લાન્ટના આધારે આસપાસના ગામોમાં ખેતી માટે પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સરકારના નવા નિયમોને અનુરૂપ પ્લાન્ટને અપગ્રેડ કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે. શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પ્રતિદિન ૪૫ એમ એલ ડી પાણી શુધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગરમાં પાણીનો વપરાશ વિશેષ છે. જયારે નગરના ઉદ્યાનો સહીત હરિયાળીની જાળવણી માટે પણ પાણીનો વધુ ઉપયોગ થાય છે. જેના લીધે પાણીના વપરાશ અને સપ્લાય પાછળ પણ સરકાર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ પીવાના પાણીનો સપ્લાય કરવાનુ સરકાર માટે વધુ ખર્ચાળ બન્યુ છે. અલબત્ત બગીચાઓ અને ખેતી માટે આ પાણીનો ઉપયોગ કરવાનુ વધુ ખર્ચાળ અને પાણીની જરૂરિયાતને પણ પહોંચવાનુ મુશ્કેલ થઈ રહ્યુ છે. ત્યારે પાણી શુધ્ધ કરવાની પ્રકીયાના અંતે બગીચાઓને પાણી પુરુ પાડવા માટે સરગાસણ શુધ્ધિકરણ પ્લાન્ટનો પણ હાલ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરગાસણમાં ૫૦ એમ એલ ડી પાણીનો નવો પ્લાન્ટ તૈયાર કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે હાલના પ્લાન્ટના આધારે સ્વર્ણિમ પાર્ક તેમજ સરીતા ઉદ્યાન અને સે-૨૮ ના બાલોદ્યાન સહીત નવા સચિવાલયને પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જાસપુરમાં ૭૬ એમ એલ ડીનો પ્લાન્ટ છે. આ પ્લાન્ટ વર્ષ ૨૦૦૭ માં તૈયાર કરાયો હતો. જયારે આ પ્લાન્ટને અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ ૬.૫ કરોડનો ખર્ચ કરાશે. જેની ડિઝાઈનીંગ પણ બદલાવ આવશે. આ ઉપરાંત સરકારન નવા નિયમોનુસાર ફેરફાર કરાશે. હાલ આ પ્લાન્ટના આધારે આસપાસના ગામોમાં ખેતીના ઉપયોગ માટે પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે અપગ્રેડેશનની કામગીરી માટે ટુંકમાં જ ટેન્ડર પ્રકીયાના આધારે આગળની કામગીરી હાથ ધરાશે.



વાયબ્રન્ટ ઈફેક્ટ - વાયબ્રન્ટ સમિટના પગલે સેક્ટર-૧૭માં એક્ઝીબીશન સેન્ટરથી ટાઉન હૉલનો રસ્તો હંગામી ધોરણે ૨૨મી સુધી બંધ કરાયો છે... ટાઉનહોલમાં જનારા પ્રેક્ષકો આ રસ્તેથી જવા ટેવાયેલા હોવાથી ભારે હાલાકી સર્જાય છે... જોકે હજુ સત્તાવાર જાહેરાત તંત્ર દ્વારા કરાઈ હોય તેમ જણાતું નથી...

### બેસણું



અમારા પિતાશ્રી **નિકુળજી શિવાજી રાણા**નું તા. ૧/૧/૨૦૧૯ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૭/૧/૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી બપોરના ૩-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : ઓડાવાળો વાસ, મુ.પો. ધણપ, તા.જી. ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| પ્રવિણસિંહ બબાજી રાણા | અજયસિંહ નિકુળજી રાણા |
| વિનુજી બબાજી રાણા | અક્ષયસિંહ નિકુળજી રાણા |
| સ્વ. રાજેન્દ્રસિંહ બબાજી રાણા | દિલીપસિંહ વિનુજી રાણા |
| સુરેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાણા | કુલદિપસિંહ વિનુજી રાણા |
| હિતેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાણા | જયદિપસિંહ રાજેન્દ્રસિંહ રાણા |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com